Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015 RNI Regi.No. : GUJGUJ/2012/46125

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૧૧ જૂન-૨૦૧૪



ડૉ. ડી. પી. ચિખલીયા

# A Matter of Life and Death

Intensivists Undergo Extensive training to become masters at work. their challenges are many. Their reward is a life saved




## On Call 24x7........

ઇન્ટેન્સીવિસ્ટ એક સખત પરિશ્રમ દ્વારા તૈયાર થયેલ નિષ્ણાંત છે. તેમની સામે ઘણાં પડકાર હોય છે. અને તેના માટે જીવન બચાવવાનો તેમનો આત્મસંતોષ એજ તેમનો ''રિવોર્ડ'' હોય છે.

## તંત્રી સ્થાનેથી....

આઇ.સી.યુ. ઇન્ટેન્સીવિસ્ટ ડૉ. શૈલેષ જાદવ એમના મિત્રની પુત્રીના જન્મ દિવસની ઉજવણી પુરજોશ ચાલી રહી હતી તેમા હતાં, તેવા જ સમયમાં તેમની ઉપર તેમના આઇ.સી.યુ. માંથી ગભરાયેલા અવાજે આઇ.સી.યુ. રજીસ્ટ્રાર ડૉ. નિલેષ ચિખલીયાનો ફોન આવે છે કે હૃદય રોગના દર્દીની હાલત અત્યંત નાજુક થઇ છે.

ડૉ. શૈલેષ જાદવ તેમની સાથે રહેલી ૬ વર્ષની દિકરીને લઇને તરતજ ઘડીના વિલંબ વિના પોતાની કાર લઇને ત્રિમુર્તિ હોસ્પિટલ તરફ જવા માટે નીકળી પડે છે. ચાલુ કારે તેમના પત્ની

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૨ અંક : ૧૧ જૂન-૨૦૧૪

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી. સાંગાણી

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂતિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

ઇન્ટેન્સીવિસ્ટ તબીબી જગતની વિવિધ શાખાઓનો બહોળો અનુભવ અને લાયકાત ધરાવતા હોય છે. મેડીસીન, પલ્મોનોલાજી અને એનેસ્થેસીયા આ તબીબો સૌથી વધુ ગુંચવણ ભર્યા ગંભીર દર્દીઓની સારવાર આપવામાં નિષ્ણાંત હોય છે.



ડૉ.જિજ્ઞા જાદવને ફોન કરીને તેમની સાથે રહેલ દિકરી અનેરીને હોસ્પિટલમાંથી લઇ જવા માટે સુચના આપે છે.

ત્રિમૂર્તિ હોસ્પિટલના આઇ.સી.યુ. યુનિટમાં એક દર્દી જીવન-મરણ માટે સંઘર્ષ કરી રહ્યો છે, તેમના હ્દયના ધબકારા ધીમા અને અનિયમિત ચાલે છે. તેનું બ્લડ પ્રેશર ઘણું જ ઘટી ગયું છે. લગભગ સતત ૬ કલાકની મહેનત પછી દર્દીને રાહત થાય છે. અને અઠવાડીયા પછી દર્દીને સામાન્ય વોર્ડમાં શીફટ કરવામાં આવે છે.

આ સમયે દર્દીના સગાવહાલાઓ તબીબ સામે કૃતજ્ઞતા ભરી નજરે આશીર્વાદની કંઇક ભાવના વ્યકત કરતા હોય તેમ આંખોથી વાતો કરે છે. ત્યારે આ દ્રશ્ય ખરેખર અદ્‌ભુત હોય છે.

આ એક 'હાર્દ-રેસીંગ' અનુભવ છે. ડૉ. શૈલેષ જાદવ માટે આ પ્રકારના દર્દીઓની સારવાર કરવાનું સામાન્ય છે. લગભગ રોજના ૧૫ થી ૧૬ કલાક તેમનો સમય આઇ.સી.યુ. માં જ જાય છે.

આ પ્રકારના દર્દીઓ ઘણાં જ ઓછા બ્લડ-પ્રેશર (Shock)માં હોસ્પિટલમાં દાખલ કરવા માટે લાવવામાં આવતાં હોય છે. તેમને બાટલા ચડાવવા માટે લોહીની નશ શોધવાથી માંડીને તેમની શ્વાસોશ્વાસની પ્રક્રીયાને નોર્મલ કરવી, આ બધું એક સાથે મેનેજ કરવું ખરેખર ઘણું મુશ્કેલ હોય છે.

આઇ.સી.યુ. સ્ટાફને આંખનો પલકારો મારવાનો પણ સમય હોતો નથી. દર્દીના દવાના ડોઝ પણ માઇક્રોગ્રામ અને મીલીમાઇક્રોગ્રામ વગેરેમાં આપવાના થતા હોય છે. આમા થોડી પણ લાપરવાહી દર્દી માટે ખતરનાક જ નીવડે છે.

માંદામાં માંદા (Sickest of Sick) દર્દીઓની રોજબરોજ સારવાર કરવાનું કામ ઇન્ટેન્સીવિસ્ટ કરતા હોય છે. આ વિષય માટે તેઓ નિષ્ણાંત હોય છે. ડૉ. શૈલેષ જાદવ દર્દીની તકલીફને બરાબર સમજી તેમની સારવાર માટે વધુમાં વધુ સમય આઇ.સી.યુ. માં ગાળે છે. અને પોતે ખુબ જ અનુભવી હોવા છતાં ઘણાં દર્દીઓમાં IV Line કે સેન્ટ્રલ લાઇન કે અગર શ્વાસનળીમાં ટ્યુબ નાખવી (Intacation) આ બધી બાબતો પોતે જાતે જ મેનેજ કરતા હોય છે. તેમનું કહેવું છે કે આ પ્રકારના સીરીયશ દર્દીને જયારે હોસ્પિટલમાંથી રજા મળે છે. ત્યારે જ તેને આરામ કરવાનો સમય મળે છે.

આપણને વિચાર આવે કે આ પ્રકારના દર્દીઓને જીવન-મરણ વચ્ચે ડૉકટર પણ કઇ રીતે મેનેજ કરતા હોય છે ?

બસ, ફકત 'શ્રદ્ધા' - ઇશ્વર અને પોતાની જાત પર.

આ ડૉકટરો પોતાની ટ્રેનીંગ દરમ્યાન સખત રીતે કામ કરવા ટેવાયેલા હોય છે. કયારેક સતત ત્રણ દિવસ કે ૨૪× ૭ કલાક કરતા હોય છે. દ્વ

એક તીવ્રતાથી કામ કરતું મગજ, કોમ્પ્યુટર જેવી યાદ શકિત અને શારીરિક સ્વસ્થતા આના માટે ખુબ જ જરૂરી છે.

ડૉ. શૈલેષ જાવદનું કહેવું છે કે આઇ.સી.યુ. એક 'વોર-ઝોન' છે, તબીબ અને દર્દી બંને માટે. કયારેક રેસીસ્ટન્ટ ઇન્ફેકશન દર્દીને થાય ત્યારે ઘણી અચોકસતા સાથે માણસનું શરીર રીસ્પોન્સ આપે છે. કયારેક એકદમ સરસ રીતે રીકવર થતું દર્દી અચાનક ખરાબ થાય છે. કયારેક જીંદગીની બાજી હારતું દર્દી અચાનક સારૂ થાય છે અને જીવન સામેનો જંગ જીતી જાય છે.

પરંતુ આવા બધા સારા-નરસા બનાવો વચ્ચે જયારે કોઇ નાની ઉંમરના દર્દીનું મૃત્યુ થાય ત્યારે સગાવ્હાલાની સાથે તબીબને પણ સ્વીકારવું ઘણું મુશ્કેલ બની જતું હોય છે.

આઇ.સી.યુ. સારવાર કરતી વખતે ડૉકટર માટે સૌથી અઘરો તબક્કો જયારે દર્દીના સગાવ્હાલાને માઠા સમાચાર આપવાના થાય છે તે હોય છે. કારણ કે દર્દીના સગાવ્હાલાને ડૉકટર ઉપર અતુટ શ્રધ્ધા હોય છે. આવી હ્દયદ્રાવક મનોસ્થિતિ આવી પડે ત્યારે દર્દીના સગાવ્હાલાને કેમ સંભાળવા તે સમજણ ડૉ.શૈલેષ જાદવમાં ખુબ જ સહજ રીતે જોવા મળે છે.

આઇ.સી.યુ. માટે બીજી પડકારભરી બાબત આર્થિક દબાણની હોય છે. આઇ.સી.યુ. દર્દીના પરીવારજનોને આર્થિક બાબતે ખુબ જ મુશ્કેલી સર્જે છે. કયારેક દર્દીને સારૂ કરી શકાય તેમ હોવા છતાં આર્થિક નબળી સ્થિતિને કારણે ડૉકટર પણ દ્વિધાભરી મૂંજવણમાં મુકાય છે. પરંતુ આ સમયે એથિક (Ethic) અને લાગણીઓ વચ્ચે સંતુલન જાળવવું (Emotion) મુશ્કેલ બને છે.

કયારેક દર્દીને આઇ.સી.યુ.માં લાવ્યા બાદ પણ એવો ચેપ લાગતો હોય છે કે જેના કારણે દર્દીના હોસ્પિટલમાં રોકાવવાના દિવસો લંબાઇ જતા હોય છે. જેને Hospital Aequired Infecation કહે છે. એક રીચર્સ પ્રમાણે હિંદુસ્તાનમાં ૨૫ ટકા દર્દીઓ હોસ્પિટલમાંથી ઇન્ફેકશન લઇ ઘેર જાય છે. જેમ કે વેન્ટીલેટર એસોસીએટેડ ન્યુમોનિયા, લોહીમાં ઇન્ફેકશન, યુરિનરી ઇન્ફેકશન વગેરે.

જે આ પ્રકારના ક્રોમ ઇન્ફેકશન સામાન્ય રીતે હાથ ધોઇ કામ કરવાથી પણ દુર કરી શકાય છે. જે આપણા ઘણા કર્મચારીઓ નથી કરતા. આ બાબતે ત્રિમુર્તિ હોસ્પિટલ ચોખાઇ અને સ્વચ્છતા સાથે આવા ઇન્ફેકશન જાણે અજાણે પણ ન ફેલાઇ તેની ખાસ કાળજી રાખે છે.

આઇ.સી.યુ.માં કામ કરતા લોકો 'સ્ટ્રેસ' સાથે કામ કરવા ટેવાયેલા હોય છે. પરંતુ હું ૩૫ વર્ષની પ્રેકટીસ પછી પણ હું કયારેક આવી પરિસ્થીતીમાં ભાવુક થઇ જાઉ છું. ડૉકટરની ધીરજ અને ચોકકસતા દર્દીઓ માટે ખૂબજ અગત્યની હોય છે. કયારેક ડૉકટરને રોબોટની જેમ કામ કરવાનું હોય છે.

આ ઉપરાંત બજારમાં આવતા નવા ઉપકરણો, નવી દવાઓ વગેરે સાથે ડૉકટરને સતત Update રહેવું પડતું હોય છે.





ડૉક્ટર ઉપરાંત નર્સીશ, પેરામેડીકલ સ્ટાફને પણ આઇ.સી.યુ. માટે ખાસ ટ્રેનીંગ અપાતી હોય છે. આઇ.સી.યુ.માં વધારાના ઉપકરણો (દા.ત. વેન્ટીલેટર, મોનિટર, ઇન્ફ્યુજન પંપ વગેરે) માટે પણ સ્ટાફને ખાસ તાલીમ હોય છે. આ લોકોએ દર્દીના શરીરમાં થતાં ફેરફારો મશીન દ્વારા પકડી તરતજ ડૉક્ટરને જાણ કરવાની હોય છે અને એ પણ બને તેટલી વહેલી તકે. નર્સીશ પેરામેડિકલ સ્ટાફને ઘણીવાર તાત્કાલિક સારવાર આપવાની પણ સમજ આપવામાં આવે છે.

આઇ.સી.યુ. સેટઅપ કરતી વખતે આ બધા પ્રોટોકોલ Strict થઇને જાળવવાના હોય છે. જેવા કે બે પથારી વચ્ચે કેટલી જગ્યા રાખવી. આઇ.સી.યુ. વચ્ચે કેટલી જગ્યા રાખવી, આઇ સોલેશન રૂમ કલીનીંગ એકટીવીટી, વોશિંગ એરીયા, નર્સિંગ સ્ટેશન વગેરે.

હોસ્પિટલ માટે આઇ.સી.યુ. ખુબ ખર્ચાળ છે અને મોટી જવાબદારી પણ છે. ડૉક્ટર પણ આઇ.સી.યુ.માં ખુબ જ કાળજી સાથે કામ કરતાં હોય છે.

અમેરિકન સ્ટડી કહે છે કે આઇ.સી.યુ.માં કામ કરતા ડૉક્ટરો બીજા તબીબોની સરખામણીમાં વધારે માનસિક તાણ અનુભવે છે.

કયારેક દર્દીના સગાઓ ડૉક્ટર પર અત્યંત વિશ્વાસ મુકયો હોય અને આર્થિક રીતે ખૂબ ખર્ચ થાય અને લાગણીવશ થઇ તેનો ગુસ્સો આઇ.સી.યુ.ના સ્ટાફ પર ઉતારે છે. અને કયારેક દર્દીને સારૂ ન થાય તો ડૉક્ટરને જવાબદાર ઠેરવે છે. આ બધી બાબતો ઉપરાંત ડૉક્ટરને પોતાનું Pressure કયારેક ડૉક્ટરને ડીપ્રેશનમાં લાવી દે છે.

આ માટે હોસ્પિટલ મેનેજમેન્ટ પણ વિચાર કરે છે કે ડૉક્ટર માટે સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય, આંખોને વધારે સુર્યપ્રકાશ, બહારના પ્રાકૃતિક વાતાવરણનો આનંદ મળે, અંદરના વાતાવરણમાં હળવાશથી રહી શકે જેથી ડૉક્ટર પોતાની હેકટીક શીફટમાં પોતાને સ્વસ્થ રાખી દર્દીઓની સારી સેવા કરી શકે.


Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**



**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com


Book-Post

To, ______________________


જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

**મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ**

**ઓકઝીલરી નર્સ મીડવાઇફ (ANM)**

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

- અદ્યતન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
- અદ્યતન નર્સિંગ સ્કુલ
- અદ્યતન હોસ્ટેલ સુવિધા
- બી.એસ.સી. નર્સિંગ સ્ટાફ દ્વારા શિક્ષણ

**સદર કોર્ષમાં પ્રવેશ સંબંધિત જરૂરી માહિતી માગદર્શન માટે સંપર્ક કરો**

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭